જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૮/૦૧/૨૦૧૯ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૯/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૯૩ લીટર દેશી દારૂ અને ૩ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૯૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૦/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૮૧/૧૯

**કૃષ્ણનગરઃ** ચંપાબહેન જયસુખભાઇ કાકડીયા (ઉ.વ.૬૦) (રહે.વિશ્વકેતુ ટેનામેન્ટ વિક્રમ આદિત્ય સોસાયટીની અંદર બજરંગ આશ્રમ સામે કૃષ્ણનગર) એ તા.૨૭/૧/૧૯ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૧/૧૯ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દાગીના ચમકાવી આપવાવાળા બે પુરૂષ આવ્યા હતા ત્યારે ચંપાબહેને સોનાની બંગડી નંગ-૨ અને સોનાની તુલસીની માળા નંગ-૧ મળી કિમત રૂપિયા ૧,૦૧,૧૭૮/- ચમકાવવા આપતા ચંપાબહેનની નજર ચુકવી ચમકાવવા આપેલ દાગીના લઈ પલાયન થઈ ગયા હતા. આ અગુનાની તપાસ પોસ.ઈ.શ્રી ડી.જી.વહોનીયા ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૮૨/૧૯

**અમરાઈવાડીઃ** આશાબહેન વા/ઓ પિંટુભાઇ ગોહેલ (ઉ.વ.૨૯) (રહે.જોગમાયાનગર અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૧/૧૯ બપોરના ૨/૫૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.પી.રાવ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.